# ઉત્તર ગુજરાતમાં કોરોનાથી મૃત્યુદર ઘટ્યો, સંક્રમિત કેસમાં ઉછાળો યથાવત

## પાછલા ૨૪ કલાકમાં ૧૧ નાં મોત, ૧૧,૨૫૬ સંક્રમિત કેસ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧

રાજ્યમાં કોરોનાનું સંક્રમણ ઘટ્યું છે ત્યારે ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં સંક્રમિત કેસમાં ઉછાળો યથાવત છે પરંતુ મૃત્યુદર ઘટ્યાનું આંકડા ઉપરથી જણાઈ આવ્યું છે. પાછલા ૨૪ કલાકમાં ઉત્તર ગુજરાતમાં કોરોનાથી ૧૧નાં મોત નિપજ્યાં છે. અરવલ્લી જિલ્લામાં ૯ થી વધુ લોકોના મોત નિપજ્યા હોવા છતાં સરકારી દફતરે મૃત્યુનો આંકડો દર્શાવ્યો નથી. એકમાત્ર અરવલ્લી જિલ્લામાં ૯૩ લોકો કોરોનાને હરાવીને સાજા થયા છે.

પ્રજાને પહેલાં ખાખી વર્દી ઉપર અને હવે આરોગ્ય તંત્ર ઉપર વિશ્વાસ રહ્યો નથી અને આ માટે પૂરતાં કારણ પણ ઉપલબ્ધ છે. ગત ૨૨ માર્ચ-૨૦૨૦ થી કોરોનાનું સંક્રમણ શરૂ થયું પાછલા ૧૪ મહિનામાં કોરોનાના વિકરાળ સ્વરૂપમાં ૫૦૦ થી વધુ લોકોએ માત્ર ઉત્તર ગુજરાતમાં જીવ ગુમાવ્યા છે. પરંતુ મૃત્યુના આંકડા છૂપાવ્યાના ગંભીર આરોપ આજે પણ સાંભળવા મળી રહ્યા છે. છેલ્લા ૧ મહિનાની વાત કરવામાં આવે તો સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લાની સરકારી કોવિડ અને ખાનગી કોવિડ હોસ્પિટલો દર્દીઓથી ઉભરાઈ રહી છે. ઓક્સિજન અને જરૂરી દવાઓની અછત વચ્ચે બેડ પણ ખૂટી પડયા છે જેના કારણે ક્યાંક ને ક્યાંક સરકારની છબી પણ ખરડાતી જોવા મળી.

ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં સિવિલ હોસ્પિટલોનો હંગામી સ્ટાફ દવાઓના કાળા બજારમાં સંડોવાયાનું પોલીસ દફતરે નોંધાયું છે. પરંતુ આ તમામ બાબતોમાં સ્થાનિક વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગની મીલીભગત નજર અંદાજ કરી શકાય તેમ નથી. ઉત્તર ગુજરાતમાં કોરોનાનું સંક્રમણ હળવું થશે તેવી અપેક્ષા વચ્ચે માત્ર મૃત્યુ દરમાં ઘટાડો જોવા મળ્યો પરંતુ સંક્રમિત કેસ ઘટવાના બદલે સતત ત્રીજા દિવસે પણ ૧૧,૦૦૦ને પાર જોવા મળ્યા.

# સાબરકાંઠામાં એક જ દિવસમાં ૧૦૨ કોરોના પોઝિટિવ કેસ, કુલ મૃત્યુ આંક-૧૨૩

તલોદ, તા.૧૧

સાબરકાંઠા જિલ્લાના તલોદ થી પોશીના સુવિધાના વિસ્તારમાં કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યું છે. મંગળવારે એક જ દિવસમાં કોરોનાના ૧૦૨ પોઝિટિવ કેસ નોંધાયા છે. કોવિડ હોસ્પિટલમાં બેડ ન મળતાં અનેક દર્દીઓને કતારમાં રાહ જોવાની નોબત આવી હતી. આ સાથે જિલ્લામાં કોરોનાના કારણે કુલ મૃત્યુ આંક-૧૨૩ ઉપર પહોંચ્યો છે.

સતત વધી રહેલા કોરોનાના કેસથી હોસ્પિટલો ઉભરાઈ રહી છે. વેક્સિનેશન અને ટેસ્ટીંગમાં યોગ્ય કામગીરીના દાવા કરતા વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગની પોલ કોરોના ખોલી રહ્યો છે. ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓ લૂંટાઈ રહ્યા છે અને સરકારી કોવિડ હોસ્પિટલોમાં દર્દીઓને જગ્યા મળતી નથી. હિંમતનગર, ઈડર સહિતના અનેક વિસ્તારોમાં કોરોનાગ્રસ્ત દર્દીઓ ઓક્સિજનવાળા બેડ માટે સતત તરફડતા જોવા મળ્યા.

જ્યારે હિંમતનગર મેડીકલ કોલેજના તબીબોએ પોતાની પડતર માંગ ન સંતોષાતાં નોન કોવિડ કામગીરીનો બહિષ્કાર કર્યો છે અને આજથી કોવિડ કામગીરીનો બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારતાં રખે ને તબીબો હડતાલ ઉપર જશે તો સિવિલ હોસ્પિટલમાં મોટી જાનહાની થવાની સંભાવના વ્યક્ત થઈ છે.

### તાલુકા દીઠ મૃત્યુ આંક..

| તાલુકો | મરણ |
|---|---|
| હિંમતનગર | ૬૦ |
| પ્રાંતિજ | ૧૬ |
| ઈડર | ૨૩ |
| તલોદ | ૧૫ |
| વડાલી | ૦૫ |
| ખેડબ્રહ્મા | ૦૨ |
| પોશીના | ૦૧ |
| વિજયનગર | ૦૧ |

# હિંમતનગરમાં રેમડેસિવિર ઈન્જેક્શનનું કાળા બજાર કરનારા આરોપીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ

## સિવિલમાં દાખલ કરાયો, તપાસમાં જોડાયેલી એલ.સી.બી.ની ઉંઘ હરામ, મહિલા આરોપીના રીમાન્ડ માટે તજવીજ શરૂ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧

જિલ્લાના પાટનગર હિંમતનગરમાં કોરોનાના દર્દીઓ ટપોટપ મરતા હતા ત્યારે કેમીસ્ટ સહિત કેટલાક આરોપીઓએ શહેરમાં જ ઈન્જેકશનનું કાળા બજાર શરૂ કર્યું પરંતુ ચકોર સાબરકાંઠા એલ.સી.બી. પોલીસે ૪ આરોપીઓને દબોચ્યા પછી અત્યાર સુધીમાં ૯ આરોપીઓની અટકાયત કરી છે. ગત રોજ ઈન્જેક્શન કાળા બજારના મુખ્ય સૂત્રધાર અમદાવાદની આનંદ સર્જીકલ હોસ્પિટલની નર્સ ફાલ્ગુનીબેન પરમાર અને તેના સહાયક મુકેશભાઈ પરમારને ઝડપી લીધા હતા. જેમાં અમદાવાદની હોસ્પિટલમાંથી રેમડેસિવિરના ૬ ઈન્જેકશન ચોર્યાનું કબુલ્યું છે. બંન્ને આરોપીઓના રીમાન્ડ અગાઉ કોરોના ટેસ્ટ કરાવતાં મુકેશ પરમારનાં આર.ટી.પી.સી.આર. પોઝિટિવ આવતાં સારવાર માટે હિંમતનગર સિવિલમાં દાખલ કરાયો છે. આરોપીની સાથે રહી તપાસ કરતા એલ.સી.બી.ની ઉંઘ હરામ થઈ ગઈ છે. જ્યારે મહિલા આરોપી ફાલ્ગુનીબેન પરમાર પાસેથી રેમડેસિવિર કાળા બજારની સ્ફોટક વિગતો બહાર લાવવા માટે માંડેથી કોર્ટમાં રીમાન્ડ માટે રજૂ કરાયાનું જાણવા મળ્યું છે.

જિલ્લામાં કોરોનાએ મોતનું તાંડવ રચ્યું ત્યારે લેભાગુઓએ સાથે મળી માનવતા દાખવવાના બદલે દર્દીઓને બચાવવા માટે વપરાતા રેમડેસિવિર ઈન્જેક્શનનો કાળા બજારનો વેપલો શરૂ કર્યો પરંતુ એલ.સી.બી.એ ગણતરીના કલાકોમાં જ સિવિલ હોસ્પિટલના હંગામી સ્ટાફ, સ્થાનિક કેમીસ્ટ સહિત ૪ જણની અટકાયત કર્યા પછી બીજા દિવસે વધુ ૩ આરોપીઓને દબોચ્યા હતા અને તપાસ દરમ્યાન હિંમતનગરમાં રેમડેસિવિર ઈન્જેકશન મોકલવામાં ફાલ્ગુનીબેન પરમાર અને મુકેશ પરમારની ભૂમિકા હોવાનું બહાર આવ્યા પછી પોલીસે બંન્નેને તપાસ માટે એલ.સી.બી. શાખામાં લઈ આવી હતી. પૂછપરછમાં મહિલા આરોપીએ તે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં ફરજ બજાવે છે ત્યાંથી ઈન્જેક્શનની ચોરી કરીને હિંમતનગરમાં આપ્યાનું નિવેદન આપ્યું છે. પરંતુ સમગ્ર પ્રકરણમાં અનેક સ્ફોટક વિગતો બહાર આવતી નથી. જેના કારણે સાબરકાંઠા એલ.સી.બી.એ રેમડેસિવિર ઈન્જેક્શનના રાજ્ય વ્યાપી કાળા બજારમાં કોઈ મોટા માથાઓની કે સ્થાનિક ડૉક્ટરોની સંડોવણી છે કે કેમ..?? તે સહિતની તમામ વિગતો મેળવવા બંન્ને મુખ્ય આરોપીઓના રીમાન્ડ માટે પ્રક્રીયા શરૂ કરી છે પરંતુ તે પૈકી એક આરોપીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યા પછી એકમાત્ર મહિલા આરોપીને રીમાન્ડ માટે કોર્ટમાં રજૂ કરવામાં આવશે તેમ પોલીસ સૂત્રોએ જણાવ્યું છે.

### જિલ્લામાં ૨૨૦૦ થી વધુ રેમડેસિવિર ઈન્જેક્શનનું કાળા બજાર થયાની આશંકા

રાજ્યમાં રેમડેસિવિર ઈન્જેક્શનનું મોટાપાયે કાળા બજાર થયું છે ત્યારે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં પણ છેલ્લા દોઢ મહિના દરમ્યાન રેમડેસિવિર ઈન્જેક્શનનું મોટાપાયે કાળા બજાર થયું છે. હિંમતનગર, ઈડર, તલોદ, બાયડ, ધનસુરા, મોડાસા, ભિલોડા સહિતના વિસ્તારોમાં કોરોનાગ્રસ્ત દર્દીઓના સગાઓએ પોતાના સ્વજનને બચાવવા માટે તંત્ર દ્વારા કે મેડીકલ સ્ટોર્સમાંથી પ્રયત્ન છતાં પણ રેમડેસિવિર ઈન્જેક્શન ન મળ્યું જેથી રૂા.૧૫ થી ૨૫ હજારના ભાવે ક્યાંક ને ક્યાંકથી ઈન્જેક્શનો ખરીદી લાવીને સ્વજનને બચાવ્યાનું જાણવા મળ્યું છે. બંન્ને જિલ્લામાં ૨૨૦૦ થી વધુ રેમડેસિવિર ઈન્જેક્શનનું કાળા બજાર થયાની આશંકા છે અને લોકચર્ચા પણ સાંભળવા મળી રહી છે.

# કોરોનાના કપરા કાળમાં રાજકીય રોટલા શેકવાનું ચાલુ, હિંમતનગર સિવિલની પ્રદેશ કોંગ્રેસ પ્રમુખે ઓચિંતિ મુલાકાત લેતાં હલચલ

## હડતાલ ઉપર ઉતરેલા તબીબો સાથે વાર્તાલાપ કર્યો





બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧

છેલ્લા કેટલાક સમયથી વિવાદનું કેન્દ્ર બનેલી હિંમતનગર સિવિલમાં કોરોનાના દર્દીઓને પડતી હાલાકી મુદ્દે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ સોમવારે એકાએક મુલાકાત લેતાં હલચલ મચી હતી. મેડીકલ સ્ટાફની પીઠ થબથબાવવાની સાથે કોંગ્રેસ પ્રમુખે કોરોનાના કપરા કાળમાં રાજકીય રોટલા શેકવાનું ચાલુ રાખ્યું હતું. હડતાલ ઉપર ઉતરેલા તબીબો સાથે વાર્તાલાપ કર્યો હતો. સિવિલ હોસ્પિટલમાં કોરોનાગ્રસ્ત દર્દીઓને સમયસર સારવાર મળતી નથી. ઈમરજન્સી-૧૦૮માં ૨૫ થી વધુ દર્દીઓ સારવાર માટે વેઈટીંગમાં હોવાની પણ નોંધ લઈ દર્દીઓ સાથે ચર્ચા કરી તેમની વેદના સાંભળી હતી. ત્યારબાદ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ અને આર.એમ.ઓ. સાથે મુલાકાત કરી હોસ્પિટલમાં બેડ, ઓક્સિજન અને સ્ટાફ સહિતની વિગતો મેળવ્યાનું જાણવા મળ્યું છે.

પ્રજા ઉપર આપત્તિ આવે એટલે ભાજપ હોય કે કોંગ્રેસ દરેક આગેવાનોએ મદદ માટે આવી જવું જોઈએ પરંતુ કોંગ્રેસ માત્ર આક્ષેપબાજી કરી રહી છે. જ્યારે ભાજપના અનેક આગેવાનો લોકમદદ માટે પહોંચી રહ્યા છે. હિંમતનગર સિવિલમાં દાખલ થયેલા દર્દીઓને ઓક્સિજન સહિત બેડ પણ મળતા ન હોવાના ગંભીર આરોપ લાગ્યા હતા. તાજેતરમાં જ હિંમતનગરમાં રેમડેસિવિર ઈન્જેક્શનનું કાળા બજાર કરતી ટોળકી પકડાઈ જેમાં સિવિલ હોસ્પિટલના કેટલાક હંગામી સ્ટાફની સંડોવણી બહાર આવતાં ચકચાર મચી હતી. ત્યારે સ્થાનિક તંત્ર અને આરોગ્ય વિભાગની બેદરકારીથી કોંગ્રેસને હિંમતનગરમાં મુદ્દો મળ્યો હતો. તા.૧૧ મે. ના રોજ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા, વિધાનસભા દંડક અશ્વિન કોટવાલ, પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, જિલ્લા કોંગ્રેસ સમિતિ પ્રમુખ કમલેશ પટેલ, પૂર્વ ધારાસભ્ય મણીભાઈ વાઘેલા સહિત કોંગ્રેસના આગેવાનો પણ તેમની સાથે જોડાયા હતા.

### મેડીકલ કોલેજના ડૉક્ટરોની રજૂઆત સાંભળી

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ સિવિલ હોસ્પિટલ-હિંમતનગરની મુલાકાત લીધા પછી જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ-હિંમતનગરના ડૉક્ટરો પોતાની પડતર માંગણી મુદ્દે હડતાલ ઉપર ઉતર્યા છે તેમની સાથે પણ ચર્ચા કરી રજૂઆત સાંભળી હતી અને તેમના પ્રશ્નો મુખ્ય મંત્રી અને આરોગ્ય મંત્રી સુધી પહોંચાડવાની ખાત્રી આપી હતી.

### મોતના આંકડાની માયાજાળ રચાઈ છે

હિંમતનગર સિવિલમાં દર્દીઓને યોગ્ય સારવાર મળતી નથી યોગ્ય દર્દીઓ કતારમાં છે. જિલ્લાના દર્દીઓને દાખલ નહીં કરવાની સરકારની નીતિ ઉપર આક્ષેપ કરી તેઓએ મોતના આંકડાની માયાજાળ ઉપર પણ આક્ષેપ કર્યા હતા.

### હડતાલ ઉપર ઉતરેલા તબીબોએ નોન કોવિડ કામગીરી બંધ કરી

જી.એમ.ઈ.આર.એસ. હોસ્પિટલના તબીબો પડતર માંગણીને લઈને હડતાલ ઉપર ઉતર્યા છે અને નોન કોવિડ કામગીરી બંધ કરતાં અનેક દર્દીઓ મુશ્કેલીમાં મૂકાયા છે. ૧૦ વર્ષથી રેગ્યુલર ભરતી હોવા છતાં પી.એફ. કપાતું નથી ઉપરાંત પ્રમોશ સહિતના ૧૪ જેટલા વિવિધ મુદ્દાઓનો ઉકેલ ન આવતાં હડતાલમાં જોડાયાનું જણાવ્યું હતું.



**બાયડ પાલિકા વિસ્તારમાં ભાજપ મહિલા મોરચા દ્વારા માસ્કનું વિતરણ**

બાયડ પાલિકા વિસ્તારમાં કોરોનાનું સંક્રમણ વધ્યા પછી પાલિકા ભાજપ મહિલા મોરચા દ્વારા ઉપપ્રમુખ ગાયત્રીબેન પટેલ, કોર્પોરેટર કંચનબેન પટેલ, જાગૃતિબેન પ્રજાપતિ વગેરેની ઉપસ્થિતિમાં મહિલા મોરચાના સભ્યો દ્વારા માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું. કોરોનાના કપરા કાળમાં માસ્કનો ઉપયોગ કરવા અને વારંવાર હાથ ધોવા માટે પણ લોકોને સમજ આપવામાં આવી હતી.

# બાયડ તાલુકા હેલ્થ અધિકારી કોરોનાથી સંક્રમિત

## સારવાર માટે વાત્રકની સરકારી કોવિડ હોસ્પિટલમાં દાખલ

બાયડ તાલુકા હેલ્થ અધિકારી ડૉ.ધર્મેન્દ્ર પરમાર કોરોનાથી સંક્રમિત થતાં સારવાર માટે વાત્રકની સરકારી કોવિડ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બાયડ તાલુકામાં કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યું ત્યારે એકપણ દિવસની રજા વગર સતત ફિલ્ડવર્ક કર્યું હતું. તાલુકા હેલ્થ અધિકારી જલ્દીથી સાજા થઈ જાય તે માટે આરોગ્ય સ્ટાફ અને તાલુકાની પ્રજા પ્રાર્થના કરી રહી છે.

બાયડ તાલુકામાં આમ તો દરેક અધિકારી સામે પ્રજાનો કોઈને કોઈ મુદ્દે આક્રોશ હોય છે પરંતુ દાયકાઓથી બાયડ તાલુકામાં મેડીકલ ઓફીસર તેમજ તાલુકા હેલ્થ અધિકારી તરીકે ફરજ બજાવનાર ડૉ.ધર્મેન્દ્ર પરમાર રાજકીય પક્ષો માટે પણ અજાતશત્રુ રહ્યા છે. જિલ્લામાં આરોગ્ય વિભાગના અધિકારીઓ મોબાઈલ ઉપાડતા નથી તેવી ફરિયાદ છે ત્યારે બાયડ તાલુકા હેલ્થ અધિકારીઓ કોઈએ મોબાઈલ કર્યો હોય તો તૂરત જ તેને જવાબ આપતા હોય છે જેના કારણે બાયડ તાલુકાની પ્રજામાં તેમનું આગવું મહત્વ રહેલું છે. બે દિવસ અગાઉ કોરોનાથી સંક્રમિત થતાં વાત્રક સરકારી કોવિડ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ થયા છે જ્યાં તેમની તબિયત સ્થિર હોવાનું સ્થાનિક સૂત્રોએ જણાવ્યું છે.

# મેઢાસણ કોવિડ સેન્ટર હોંશી પાત્ર, કોરોના ટેસ્ટ માટે કિટની અછત, લોકોમાં રોષ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧

મોડાસા તાલુકામાં કોરોનાનું સંક્રમણ વધતાં મેઢાસણમાં કોવિડ સેન્ટર શરૂ થયું પરંતુ હોંશીપાત્ર બન્યું છે. કારણ કે કોરોના ટેસ્ટ માટે જરૂરી એન્ટિજન ટેસ્ટ કિટની અછતથી પીડાઈ રહ્યું છે જેના કારણે લોકરોષ છવાયો છે. દરરોજ ૧૦૦ થી વધુ કિટની સામે દર બે દિવસે માત્ર ૨૫ કિટની ફાળવણી થાય છે. ધોમધખતા તાપમાં કોરોના ટેસ્ટ માટે આવતા અનેક લોકોને કિટના અભાવે પાછા જવાની નોબત આવી છે.

અરવલ્લી જિલ્લામાં પ્રજાના આરોગ્ય કરતાં ખુદ આરોગ્ય તંત્રનું આરોગ્ય બગડ્યા જેવી સ્થિતિ છે. જિલ્લામાં સરકારી કોવિડ તેમજ કોવિડ કેર સેન્ટરમાં એકપણ દર્દી અને તેના સગાઓનો સારો અભિપ્રાય આવ્યો નથી. જ્યાં જુઓ ત્યાં હાલાકી અને રેમડેસિવિર ઈન્જેકશન, ઓક્સિજનની અછતના બડાપા સામે આવ્યા છે. લાજશરમ નેવે મૂકેલા તંત્રએ કોઈ ફરિયાદ કરે તો અમે જોઈ લઈશું તેવા ખંધા જવાબ આપી મોબાઈલ અને ટેલિફોન મૂકી દે છે. કોઈ દર્દીને ઈમરજન્સી સારવારની જરૂર હોય તો વ્યવસ્થા કરાવીએ છીએ તેવી સાંત્વના આપ્યા પછી ૩ દિવસ પછી પણ કોઈ પૂછપરછ થતી નથી. એક રીતે જિલ્લામાં આરોગ્ય વિભાગનો સ્થાનિક કોવિડ હોસ્પિટલો અને કોવિડ કેર સેન્ટર સાથેના સંકલનનો અભાવ અનેક દર્દીઓને ભરખી રહ્યો છે. ત્યારે મેઢાસણમાં કોરોનાગ્રસ્ત દર્દીઓને સારવાર માટે કોવિડ કેર સેન્ટર ઉભું કરવામાં આવ્યું.

# કોરોનાની રફતાર તેજ : સાબરકાંઠા, અરવલ્લીમાં રક્તદાનને અસર, થેલેસેમીયા દર્દીઓની મુશ્કેલી વધી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧

કોરોનાએ ધંધા-રોજગારની પનોતી લાવી દીધી છે અને હવે કોરોનાની રફતાર તેજ થતાં રક્તદાનને અસર થઈ રહી છે. જિલ્લામાં છેલ્લા ૨-૩ મહિનાથી અનેક વિસ્તારોમાં રક્તદાનની અછત સામે આવી છે જેના કારણે થેલેસેમીયા દર્દીઓની મુશ્કેલીમાં વધારો થયો છે. ભાજપ યુવા મોરચા સહિત વિવિધ સંગઠનો દ્વારા રક્તદાન કેમ્પ યોજવામાં આવ્યા પરંતુ માંગ સામે રક્ત બોટલની આવક સિમિત હોવાથી મુશ્કેલી અનુભવાઈ રહી છે.

૪૫ વર્ષથી વધુ વયના લોકો માટે કોરોના વેક્સિનનો તબક્કો ચાલી રહ્યો છે. વેક્સિન લીધા પછી રક્તદાન કરવું હીતાવહ નથી તેવી કેટલાક ડૉક્ટરોની સલાહ પછી રક્તદાનને માઠી અસર થઈ રહી છે. ૧૮ વર્ષથી વધુ વયના લોકો માટે કોરોના વેક્સિનેશનનું રજીસ્ટ્રેશન શરૂ થયું છે. અરવલ્લીમાં કામગીરી ઠપ્પ છે. સાબરકાંઠામાં રજીસ્ટ્રેશન થઈ જાય તો કિસ્મત જેવી સ્થિતિ છે. આ બધાની વચ્ચે રસીકરણ પહેલાં દરેક યુવાનોએ રક્તદાન કરવા અપીલ કરવામાં આવી છે. કારણ કે દિવસે દિવસે જિલ્લામાં લોહીની માંગમાં ઉછાળો આવ્યો છે. અત્યાર સુધી જ્યારે બોલાવો ત્યારે રક્તદાન કરવા માટે આવતા રક્તદાતાઓ પણ કોરોનાના કારણે રક્તદાન કરવાનું ટાળી રહ્યા છે. કાં તો એમની ઈચ્છા હોય તો પણ પરિવારની પાબંધીના કારણે અનિચ્છા વ્યક્ત કરતા હોય છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં થેલેસેમીયાના રોગથી પીડાતા અનેક દર્દીઓ છે અને દર મહિને તેમને લોહીની બોટલ ચઢાવવી પડતી હોય છે. સમયસર લોહી ચઢાવવામાં ન આવે તો આવા દર્દી એનિમિયાનો ભોગ બનતા હોય છે. પરંતુ પાછલા ૪-૫ મહિનાથી જિલ્લામાં રક્તદાતાઓની સંખ્યામાં ઘટાડો થયો છે. જિલ્લામાં રક્તદાન કેમ્પ યોજાય અને વધુ બોટલ એકત્ર થાય એટલે મોટાભાગનો રક્તનો જથ્થો અમદાવાદ પહોંચાડવામાં આવે છે જેથી જરૂર હોય ત્યારે સ્થાનિક દર્દીને લોહી મળતું નથી જેના કારણે મોત પણ નિપજતું હોય છે. પરંતુ ખાસ તો રક્તદાન કામગીરી કોરોનાના કારણે ખોરંભે પડતાં થેલેસેમીયાના દર્દીઓ માટે મુશ્કેલ સમય શરૂ થયો છે.

# મોડાસાના પૂર્વ ધારાસભ્યના પિતાનું નિધન

## કોરોનાના કારણે બેસણું-લૌકિક ક્રિયા બંધ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧

મોડાસાના ભાજપના પૂર્વ ધારાસભ્ય દિલીપસિંહ પરમારના પિતા નરેન્દ્રસિંહજી ગોપાલસિંહજી પરમાર (બાપુ સાહેબ-વડાગામ)નું નિધન થયું છે. સ્વર્ગસ્થના નિધનથી વડાગામ સહિત પંથકમાં શોક છવાયો છે. કોરોનાની વિકટ પરિસ્થિતિના કારણે પરિવાર દ્વારા બેસણું-લૌકિક ક્રિયા બંધ રાખી છે. શ્રદ્ધાંજલિ ટેલિફોનિક, સોશ્યલ મીડીયા દ્વારા પાઠવવા પરિવારજનોએ જણાવ્યું છે.



વડાગામ પંથકમાં ક્વોરી ઉદ્યોગ ધમધમે, સારૂ શિક્ષણ સંકુલ ઉભું થાય, પ્રજા સુખ-શાંતિથી રહી શકે તે માટે તમામ ભૌતિક સુવિધાઓ ઉપલબ્ધ થાય તેના હીમાયતી રહેલા નરેન્દ્રસિંહજી પરમારે અનેક લોકકલ્યાણના કામો હાથ ઉપર લઈ પૂરા કર્યા હતા. દાયકાઓ સુધી બાપુ સાહેબ તરીકે પ્રજાના દિલમાં આગવું સ્થાન ઉભું કર્યું હતું. સ્વર્ગસ્થ તેમની પાછળ પુત્ર દિલીપસિંહજી પરમાર (પૂર્વ ધારાસભ્ય), મહેન્દ્રસિંહજી પરમાર સહિત બહોળા પરિવારને વિલાપ કરતા મૂકી ગયા છે.




**ગાયત્રી પરિવાર-મોડાસાએ સ્મશાનમાં લાકડાં માટે ૧.૨૫ લાખનો ચેક આપ્યો**

કોરોનાના કપરા કાળમાં મોતને ભેટેલા દર્દીઓને સ્મશાનમાં પણ જગા મળતી નથી તેવી ખોફનાક સ્થિતિ છે. મોડાસા તથા આસપાસના વિસ્તારોમાં કોરોનાથી અનેક લોકો મરી રહ્યા છે. સ્મશાનમાં લાકડાં ખૂટી પડતાં મદદ માટે આહવાન કરાયું હતું ત્યારે ગાયત્રી પરિવાર-મોડાસાએ તેને સામાજીક જવાબદારી ગણી સ્મશાનમાં લાકડાં માટે રૂા.૧,૨૫,૦૦૦નો ચેક મોડાસા મહાજન મંડળ ટ્રસ્ટને આર્થિક સહાય રૂપે આપી કોરોનાની મહામારીમાં માનવતા દાખવી હતી. આપત્તિ આવે ત્યારે જિલ્લામાં સેવાભાવિ સંસ્થાઓ, ગાયત્રી પરિવાર મદદ માટે પહોંચી જતા હોય છે. અગાઉ બાયડ ગાયત્રી શક્તિપીઠ પરિવાર દ્વારા પણ સ્મશાનમાં લાકડાં માટેની વ્યવસ્થા માટે ગાયત્રી પરિજનો દ્વારા ઉદારહાથે ફાળો આપવામાં આવ્યો હતો. શાંતિકુંજ હરિદ્વારથી મળેલા આદેશને શિરોમાન્ય ગણી ગાયત્રી પરિજનો હવે સ્મશાનમાં અગ્નિ સંસ્કાર માટેની વ્યવસ્થામાં સામેલ થયા છે. મોડાસામાં સ્મશાનમાં લાકડાં તેમજ આર્થિક અછતની વિગતો જાણ્યા પછી સામાજીક સમરસતાની મિશાલના ભાગરૂપે મોડાસા ગાયત્રી પરિવાર દ્વારા સૌ પરિજનોને સોશ્યલ મીડીયા ગૃપ દ્વારા મદદરૂપ થવા માટે આહવાન કર્યું અને તેમાં રૂા.૧.૨૫ લાખની રકમ એકત્ર થતાં મોડાસામાં સ્મશાનમાં વ્યવસ્થા સંચાલન કરી રહેલા ટ્રસ્ટને ચેક આપવામાં આવ્યો હતો.